# કેવળ કવિતા માટે આ જન્મ

વર્ષા અડાલજા

વર્ષો પહેલાં સત્યજિત રેની ફિલ્મ 'પ્રતિદ્વંદ્વી' અને 'અરણ્યેર દિનરાત્રિ' જોઈ હતી. એ સમયે તો સત્યજિત રેની દીવાનગી મન પર છવાયેલી. સુનિલ ગંગોપાધ્યાય તે વળી કોણ ! પછી થોડું લખતી-વાંચતી થઈ ત્યારે સમજાયું કે સુનિલ ગંગોપાધ્યાય બંગાળી ભાષાના અત્યંત લોકપ્રિય લેખક છે. ઠીક છે. આપણને તો વળી બીજો શો પરિચય ! મળવાનું તો સપનામાં ય નહીં. હજીયે રેના ઓછાયા નીચે એમનું નામ મનમાં ઢંકાયેલું.

સમય વીતતાં એમના સર્જનના અનુવાદો, એમના વિશેના લેખોથી મારા મનમાં તેમની એક ઉત્તમ વાર્તાકાર અને શબ્દશિલ્પીની છબી અંકાતી ગઈ. કોલકાતામાં પિયર જેવાં બેએક ઘર, સાહિત્યપ્રેમી મિત્રો અને દક્ષિણેશ્વરનું ખેંચાણ તેથી કોલકાતા જવાનું બનતું. એકબે વખત મળવાય ધાર્યું ત્યારે એ કોલકાતામાં નહોતા. પછી એક નામ મનમાં રહી ગયું.

૨૦૦૮માં દિલ્હી સાહિત્ય અકાદમીની જનરલ કાઉન્સિલમાં (જેમાં ૨૪ ભાષાના પ્રતિનિધિરૂપ લેખકો હોય છે.) મારી વરણી થઈ. પહેલી જ મિટિંગમાં અકાદમીના પ્રમુખની રસાકસીભરી ચૂંટણીમાં સુનિલ ગંગોપાધ્યાય બહુમતીથી ચૂંટાયા. એમાં મારો પણ એક મત હતો. પૂરા પાંચ વર્ષ તેમની સમિતિમાં રહીને તેમને જોવા મળવાનો લહાવો મળતો રહ્યો. આમ તો વર્ષમાં બે વાર મિટિંગમાં મળવાનું બને પણ લેખકવૃંદમાંથી તેમની નજર મને તારવી, સ્મિત સામે સ્મિતની ભેટ આપે.

દિલ્હી સા. અ.ની અમારી છેલ્લી મિટિંગ ઔરંગાબાદમાં હતી. ત્યાં જવાની તૈયારી કરી ત્યાં ઉતાવળો સંદેશ આવ્યો, સુનિલદાની તબિયત સારી નથી, હવે કોલકાતા મિટિંગ છે, પણ મિટિંગના બે દિવસ પહેલાં જ તેમનું દેહાવસાન થયું, દુર્ગાપૂજા વખતે જ. મમતા બેનર્જીએ દુર્ગાપૂજાની રજાઓ વધારીને દસ દિવસની કરી હતી અને છેલ્લા ત્રણ દિવસ અખબારો બંધ રાખવાનો આદેશ. પોતાના લાડકા કવિના મૃત્યુ વખતે જ અખબાર બંધની સૌને ગૂંગળામણ હતી.

મેં એરપોર્ટ પર પગ મૂક્યો અને ઉત્સવનો માહોલ અને ઘેરી શોકની છાયા બંને સ્પર્શી ગયાં. ઘરે પહોંચતાં અખબારો હાથમાં લીધાં. જીવનમાં પહેલી વાર જોયું કે અખબારો એમના લાડકા કવિના મૃત્યુના સમાચાર પર ખાંગા થઈ વરસી પડ્યા હતા. પહેલે જ પાને, બીજા એક પણ લીટીના સમાચાર નહીં, માસ્ટ હેડની નીચેથી જ માત્ર સુનિલદા, સુનિલદા અને સુનિલદા. મુખ્ય ધારાનાં પ્રસિદ્ધ અંગ્રેજી અખબારોએ એક સર્જકની વિદાયને, દુનિયાના કોઈ પણ સમાચાર કરતાં મહત્ત્વના ગણી પહેલું પાનું આખું

જ સમર્પિત કર્યું હોય એવું બીજે ક્યાંય પણ ભાગ્યે બન્યું હશે. (હા, ગુજરાતમાં પહેલું પાનું ભરી દશેરામાં ફાફડા-જલેબીની જાહેરખબરો જોઈ છે !)

માત્ર પહેલું પાનું નહીં, આખાં અખબારો જ સુનિલદા વિશેષાંકો ! એમની અલભ્ય તસવીરો, અનેક નાનીમોટી વાતો, પ્રસંગો, જીવન અને કવનની હકીકતો, કવિતાઓના અનુવાદ, અનેક જાણીતી હસ્તીઓ, મિત્રો, પ્રશંસકોએ કહેલી અંતરંગ વાતો... એક કવિ વાદળની જેમ સમગ્ર પ્રદેશ અને લોકો પર આવા છવાઈ જાય તે કવિ – કવિતાનું સામર્થ્ય તો ખરું જ પણ તે પ્રજાની સંસ્કારિતા અને સાહિત્યપ્રેમની પણ પારાશીશી છે.

રવીન્દ્રભવન કોલકાતાનું સાંસ્કૃતિક કેન્દ્ર. ત્યાં એમના દેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. એ તસવીરો હું જોતી જ રહી ગઈ ! એમના અંતિમ દર્શન માટે લોકોનો ભયંકર ધસારો. પોલીસ કોર્ડન તોડીને, કલાકો તડકામાં તપતા લોકોની ધક્કામુક્કી. એમાં બંગાળી સિનેમા અને સાહિત્યની ઘણી સેલિબ્રિટીઓ પણ અંતિમ દર્શનની પડાપડીમાં.

અખબારોએ રોષમાં મુખ્ય પ્રધાન મમતા બેનર્જીની બરાબર ઝાટકણી કાઢી હતી. એ વાત જાણીતી હતી કે મમતાએ સુનિલદાને સર્જક તરીકે ક્યારેય સન્માન આપ્યું નહોતું અને એમને સીપીએમ સપૉર્ટર ગણીને એમની અવગણના કરી હતી. તેમના મૃત્યુ પછી પૂરા ચૌદ કલાકે મમતાએ ફેસબુક પર નાનો સંદેશ પોસ્ટ કરી દિલસોજી વ્યક્ત કરી હતી. એને કદાચ ખ્યાલ નહીં હોય કે પોતાના કવિના મૃત્યુ પછી આખું બંગાળ આવી શોકાંજલિ આપશે.

રવીન્દ્ર સદનમાં સુનિલદાનાં અંતિમ દર્શન માટે જે રીતે લોક ઊમટી પડ્યું હતું અને રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, દેશના અગ્રણી રાજકારણીઓની ભાવભરી શ્રદ્ધાંજલિઓ અપાઈ ચૂકી હતી, અખબારો, ટીવી અને પ્રજા બધા શોકાતુર હતા એ જોઈ પોતાને નાપસંદ કવિને જાહેરમાં શ્રદ્ધાંજલિ આપવા વડાપ્રધાનને આવવું પડ્યું એ પણ કદાચ પ્રથમ ઘટના હશે.

મમતા બેનર્જી રવીન્દ્ર સદન આવીને અંજલિ આપી બહાર આવ્યાં ત્યારે એમણે ક્રાઉડ મૅનેજમેન્ટની શક્તિઓ કામે લગાડી. 'ટેલિગ્રાફ' પ્રથમ પાને, સતસવીર લખે છે કે આ જ આવડત વડે શાહરૂખખાનની ટીમ આઈપીએલમાં જીતી ત્યારે ઈડન ગાર્ડનમાં તેમણે ટોળાને કાબૂમાં રાખ્યું હતું, જ્યારે ભયાનક આગમાં લોકો બળી મર્યા હતા ત્યારે પણ બેકાબૂ ટોળાને ઢાકુરીયામાં આઘું હડસેલી દીધું હતું.

પણ આ તો એક કવિનો નિર્વાણ દિન હતો. શોકાતુર લોકો સમજી ચૂક્યા હતા કે કવિના મૃત્યુ પછી બે દિવસ ચૂપ રહેનાર સત્તાધીશોની ટોળી ઊતરી પડી હતી કવિની લોકપ્રિયતા વટાવી ખાવા. મુખ્ય પ્રધાને પોલીસ પાસેથી માઇક્રોફોન ઝૂંટવી લઈ પોલીસ અને પ્રજાને સૂચના આપવા માંડી હતી પણ મની-મસલ પાવરથી ભેગી કરેલી આ પોલિટિકલ રેલી થોડી હતી ! રાજ્યસિંહાસને નહીં, હૃદયસિંહાસને આરૂઢ એક કવિની

વિદાય હતી.

અખબારોમાં ઘણી તસવીરો છે, પણ ત્રણ તસવીર કવિના મિજાજને અચ્છી રીતે પ્રગટ કરે છે.

એક તસવીર છે યુવાન સુનિલદાની એક અલ્લડ મસ્તીભર્યો જીવ. વિપુલ જળરાશિ પર એક નાની નૌકામાં એક યુવાન લાકડા પર બેફિકર મુદ્રામાં સૂતો છે, છાતી પર છે ટાગોરની કવિતાનું પુસ્તક. શ્યામશ્વેત તસ્વીરમાં ઢળતા સૂરજનું તેજ નદી પર રેલાયું છે, એના ચહેરા પર હાસ્ય છે, એ એકલો છે, પણ એકાકી નથી. તસવીરમાં કવિતા અને કુદરત સાથેનો લય અને બોન્ડિંગ છે. બીજી તસવીર કોઈ વિશાળ મેદાનની છે. દૂર ઊંચાં મકાનો દેખાય છે. મેદાનમાં લાંબા થઈને સુનિલદા ઊંઘી ગયા છે. ચશ્માં કપાળ પર, હાથમાં પુસ્તક. મોજીલો નિષ્ફિકર થોડી યુવાની વીતાવી ચૂકેલો રંગીલો માણસ, તેજીથી હણહણતા અશ્વની જેમ દોડતા સમયની વચ્ચે આ નાનકડા શાંત ટાપુ જેવા મેદાનમાં લહેરથી આડો પડ્યો છે. ત્રીજી તસવીર છે તાજેતરના સમયની. માથે કાળાધોળા વાળનો ગુચ્છ, સજોડે પૂરા ગુલાલથી રંગાયેલા, શાંતિનિકેતનમાં દોલ મહોત્સવમાં રવીન્દ્રસંગીત લલકારી રહ્યા છે.

તેમને કવિતા પ્રિય હતી. મિજાજ કવિનો હતો. ૧૫ વર્ષની ઉંમરે પહેલી કવિતા એક ગમી ગયેલી છોકરી પર લખી હતી તે તરત દેશમાં પ્રગટ થઈ હતી, ''એક્ટી ચિઠ્ઠી.'' છ દાયકા સુધી લખ્યું, અવિરત લખ્યું. પરંપરાભંજકની તેમની ઓળખ ઊભી થઈ. જાહેર હિતની વાત પર સ્ટેન્ડ નિર્ભીક રીતે બોલકા બની લેતા, સરકારી શેહમાં કદી આવ્યા નહીં. ૨૦૦થી વધુ પુસ્તકો લખ્યાં. વાર્તા, નવલકથા, નાટક, વિવેચન, પ્રવાસવર્ણન. બાળસાહિત્ય પણ. પણ પહેલો પ્રેમ કવિતા જ. તેમનાં નીરાકાવ્યો ખૂબ લોકપ્રિય થયાં છે. 'નીલલોહિત' નામે રોમાન્ટિક નવલકથાય લખી. સાહસકથાઓનું પાત્ર કાકાબાબુ એટલું લોકપ્રિય હતું કે તેમનું જ નામ કાકાબાબુ પડી ગયું હતું.

તેમના અનેક કિસ્સાઓ છે, જેનું આખું પુસ્તક થઈ શકે. એમાંથી જોકે પ્રગટ થાય છે એક નિર્મળ હૃદયનો માણસ જે એની પ્રસિદ્ધિથી ખરડાયો નથી.

એમને સિગરેટનો ખૂબ શોખ. એક વખત મિત્રોના આગ્રહથી અમેરિકા ગયા. મિત્રોએ એસી બસની પ્રથમ હરોળમાં બેસાડ્યા. ત્યાં સિગરેટ પીવાની મનાઈ. હા, છેલ્લી હરોળમા છૂટ. સિગરેટની તલપથી એમણે સીટ બદલી અને છેલ્લે બેસી લહેરથી કશ ખેંચતા હતા, ત્યાં બસને ભયંકર અકસ્માત થયો, પ્રથમ હરોળનાં યાત્રીઓ તત્ક્ષણ મૃત્યુ પામ્યા. પછીથી જ્યારે પણ મિત્રો સિગરેટ છોડવાની સલાહ આપે ત્યારે એ કહેતા, જેણે મારો જીવ બચાવ્યો તેને કેમ છોડી શકાય ?

તેમના બે અત્યંત પ્રિય શોખની વાતો ઓછી જાણીતી છે. તેઓ ખૂબ સરસ ગાતા હતા. ટાગોરની અસંખ્ય રચનાઓ મોઢે. તેમને ત્યાં હંમેશાં દર રવિવારે અડ્ડો જામતો અને તેમાં તેઓ ટાગોરની કવિતાઓનું ગાન કરતા. તેઓ અચ્છા અભિનેતા

હતા. બંગાળી લેખિકા નવનીતા દેવસેન ઘણાં વર્ષોથી સહાધ્યાયી, આત્મીય મિત્ર અને તેમના સહકલાકાર હતાં. તેમની જોડી બંગાળી થિયેટરના ઉત્તમકુમાર – સુચિત્રાસેન તરીકે જાણીતી હતી.

પણ તેમનો પ્રથમ પ્રેમ કેવળ કવિતા.

**કેવળ કવિતા માટે, આ જન્મ**
**કેવળ કવિતા માટે, આ લીલા**
**કેવળ કવિતા માટે, આ એકાંતભર્યો પ્રવાસ**
**પાનખરના સંધ્યાકાળમાં**
**પ્રગટતી સુંદર મહોરાથી**
**કેવળ કવિતા માટે, તું સ્ત્રી.**
**કેવળ કવિતા માટે, આ લોહીનો પ્રપાત**
**ને ગંગાની શૈયા પર વર્ષાનાં વાદળ.**
**કેવળ કવિતા માટે, આ પ્રલંબ જિજીવિષા**
**વેદનામય જીવનની, જેમાં મરણશીલ જીવે**
**કેવળ કવિતા માટે, મેં હડસેલી અમરતાને.**